# ખરાબ વસ્તુઓમાંથી દેવ સારૂ ઉપજાવી શકે છે.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, જેઓ વિશ્વાસ કરે છે તેઓને એકંદરે સઘળી બાબતો હિતકારક નીવડે છે. તે બાળકોને સમજણ પડે માટે આ અભ્યાસમાં સહાય કરો.

કોઈ એક અથવા બધી બાળકોની પ્રવૃત્તિઓ પસંદ કરો.



જો અનુકુળ હોય તો બાળકોને આ ચિત્રમાં રંગ  પુરવાનું કહો.

**પ્રેરિત ૨૭ : ૧૩ - ૨૮ : ૧૦** મી કલમ કોઈ મોટો છોકરો અથવા સભાજન વાંચે અથવા કહે. આ વાર્તા બતાવે છે કે ઘણીવાર ખરાબ બાબત બનતી હોય તો પણ પ્રભુ તેના લોકને સુવાર્તા અને આશીર્વાદો માટે વાપરે છે.

પ્રશ્ન **પૂછો.**

- તોફાનમાં ફસાયેલા વહાણમાં પાઉલને કેવી રીતે ખબર પડી કે વહાણમાંના લોકો મરશે નહિ ?
  *(જવાબ પ્રેરિત૨૭:૨૩-૨૫)*
- પાઉલ માટે દેવની યોજના શી હતી. પ્રેરિત(૨૭:૨૪)
- માલ્ટાના લોકોએ કેમ વિચાર્યુ કે પાઉલ એક દેવ હતો ?( પ્રેરિત૨૮:૫-૬)
- માલ્ટાના લોકોએ તેમના ટાપુમાં સાજાપણુ લાવવાને માટે પાઉલનો આભાર કેવી રીતે માન્યો. (પ્રેરિત૨૮:૧૦)
- પાઉલ માટે જે કંઈ ખરાબ થયું તેનો ઉપયોગ દેવે બીજાનું સારૂ થાય માટે કેવી રીતે કર્યો ?

**પાઉલનું વહાણભાંગવાની વાર્તાના ભાગોનું નાટક બનાવો.**

સભાના આગેવાન સાથે બાળકો મોટની મદદ લઈ આ નાટક રજુ કરી શકે તેવું ગોઠવો. જો તમારી પાસે બધાં ભાગ માટે પુરતા બાળકો ના હોય તો પાડોશીના બાળકોની મદદ લો. તેઓ પ્રભુ ઈસુને શોધી શકે એ માટેનો આ સારો રસ્તો છે. બાળકોએ બધા સંવાદો મોઢે રાખવાની જરૂર નથી. ફક્ત દરેક બાળકને પોતે શું કહેવાનું છે તેની સામાન્ય ખબર હોવી જોઈએ.

**મોટા બાળકો** અથવા સભાજનો આ પાત્રો ભજવે.

- વર્ણન કરનાર.  વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો યાદ રાખવામાં મદદ કરે.
- પાઉલ
- પબ્લીયસ-તેણે પાઉલને પોતાના ઘેર આમંત્રણ આપ્યું.

**નાના બાળકો** આ પાત્ર ભજવે.

- વહાણનો કપ્તાન

- વહાણના ખલાસીઓ
- તાપણાની આજુબાજુ માલ્ટાના લોકો

**નાટકનો ભાગ-૧ વાવાઝોડુ (પ્રેરિત ૨૭ : ૧૩-૩૦)**

**ઉદ્‌ઘોષક** : પ્રેરિત ૨૭:૧૩-૩૦ વાંચી જાય અથવા મોઢે બોલે પછી કહે, સાંભળો ખલાસીઓ શું બુમો પાડે છે.

**ખલાસીઓ** : બુમો પાડે, ''મને આ વાવાઝોડાની બીક લાગે છે !'' ''આપણે બધાં મરી જઈશું !''

**ઉદ્‌ઘોષક** : સાંભળો પાઉલ કેવી બુમો પાડે છે.

**પાઉલ** : બુમ પાડે છે ''ખલાસીઓ, વહાણ છોડશો નહિ આપણે બધા બચી જઈશું કારણકે મારા દેવે મારે ખાતર તેમ કર્યું છે.''

**નાટક ભાગ-૨ વહાણ ભાંગી જાય છે. પ્રેકૃ.૨૭ :૩૧-૪૪**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કહે પ્રે૨૭:૩૧-૪૪

**પછી બોલે** : સાંભળો કપ્તાન શી બૂમ પાડે છે.

**કપ્તાન** : બૂમ પાડે છે ''આપણે ડૂબીએ છીએ'' ''પાટીયુ પકડી લો'' ''કિનારા પર તરીને જાવ''

**ભાગ-૩ સાપ અને અગ્નિ પ્રેકૃ.૨૮ : ૧-૬**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ કહે. પ્રે.૨૮:૧-૬

**પછી બોલે** : સાંભળો લોકો કેવી બૂમો પાડે છે.

**લોકો** : અગ્નિની પાસે બૂમ પાડે ''જૂઓ ઝેરી સાપ તેને કરડ્યો'' ''તેણે તેને અગ્નિમાં ઝાટકી નાખ્યો'' ''તેના હાથને સોજો પણ ના ચઢ્યો!''

**પબ્લીઉસ** : ''મને આશ્ચર્ય થાય છે કે સાપે તને કોઈ નુકશાન ના કર્યું. તારો દેવ શક્તિશાળી છે. મહેરબાની કરીને મારા ઘરે આવ.''

**ભાગ-૪ પબ્લીઉસના પિતાને સાજા કરવામાં આવે છે. પ્રેકૃ ૨૮ : ૭-૧૦**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ચોથો ભાગ પ્રે.૨૮:૭-૧૦ અનુસાર વાંચે. પછી બોલે, માલ્ટાના લોકો કેવી બૂમ પાડેછે તે સાંભળો.

**લોકો** : બૂમ પાડે, ''તેના દેવે આપણા મુખીના પિતાને સાજા કર્યા છે.'' ''મારી માંદી મા માટે આવીને પ્રાર્થના કર'' ''મારા ભાઈ માટે આવીને પ્રાર્થના કર''

**ઉદ્‌ઘોષક** : કહે કે નાટક પુરૂં થયું છે. બાળકોનો આભાર માને મોટાઓએ સાંભળ્યુ માટે આભાર માને.

**પૂછો :** એવા બીજા દાખલા ક્યા છે કે આપણા જીવનમાં બનતી દુઃખજનક બાબતોનો ઉપયોગ દેવ આપણા સારા માટે કરે છે ? (બાળકો કે મોટાઓ દાખલા આપે)



સભાના આગેવાન પાસે બાળકોની નીચેની પ્રવૃત્તિઓ રજુ કરવાનું ગોઠવો.

- ભજનસેવા વખતે મોટાઓ માટે નાટક રજુ કરે.
- આ પાઠની શરૂઆના પ્રશ્નો તે મોટાઓને પૂછે.
- તેઓએ તૈયાર કરેલ કાવ્ય કે ગીત રજુ કરે.

રૂમી ૮ : ૨૮ **મુખપાઠ કરો.**

એક સાપ અગ્નિમાં પડે છે તેવું **ચિત્ર દોરો.** નાના બાળકોને મોટા છોકરાઓ મદદ કરે. હવેની ભજનસેવામાં બાળકો આ ચિત્રો સભામાં બતાવે અને સમજાવે કે દેવ શેતાનને પરાજય આપે છે.

**ગીત** ગી.શા. ૬૯માંથી આ ત્રણ કલમો બાળકો મોઢે બોલે.

**હે ઈશ્વર, મને તાર, કેમકે મારા પ્રાણ સુધી પાણી ચઢી આવ્યું છે. હું ઉંડા કીચડમાં ડુબી જાઉં છું કે જ્યાં ઊભા રહેવાને કંઈ આધાર નથી. હું ઊંડા પાણીમાં આવી પડ્યો છું. રેલ મારે માથે ફરી વળી છે હું બૂમ પાડીને થાકી ગયો છું. મારૂં ગળું સુકાઈ ગયું છે. દેવની વાટ જોતા મારી આંખો ક્ષીણ થાય છે.**

કેમકે તારા મંદિરનો ઉત્સાહ મને ખાઈ ગયો છે. અને તારી નિંદા કરનારાઓની નિંદા મારા પર આવી પડી છે. વળી તેઓએ મને ખાવાને સારૂ પિત આપ્યું અને મને તરસ લાગતાં તેઓએ મને સરકો પાયો.

તારા દાસથી તારૂં મુખ ન ફેરવ કેમકે હું સંકટમાં છું. મને વહેલો ઉત્તર આપ. હે યહોવાહ તારૂં તારણ મારૂં રક્ષણ કરો.

**મોટા છોકરા** ગીત કે નાની વાર્તા લખે અથવા એવી નાની સાક્ષી આપે કે તેમના જીવનમાં કોઈ એવી બાબત બની હોય જેમાં દેવે ખરાબ સંજોગોમાંથી હીતકારક બાબત ઉપજાવી હોય.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, અમારા અને બીજાના જીવનમાં જે ખરાબ બાબતો બને છે તેમાંથી પણ તમે સારૂ ઉપજાવો છો તેવો અમે તમારા પર વિશ્વાસ કરીએ છીએ. અમારા ખરાબ સંજોગોમાં પણ તમારી સેવા આંનદપૂર્વક કરવા માટે અમારી સહાય કરો. ઈસુના નામમાં

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net